# રાજ્યભરમાં દેવદિવાળી ધામધૂમથી ઉજવણી

અમદાવાદ, તા.૧૨ આજે દેવદિવાળી, કાર્તિક પૂર્ણિમા(પૂનમ) અને ગુરૂ નાનક જયંતિનો અનોખો ભકિતત્રિવેણીનો સુભગ સમન્વય સર્જાવાના કારણે શહેર સહિત રાજયભરના દેવી-દેવતાઓના મંદિરોમાં આજે શ્રધ્ધાળુ ભકતોની ભારે ભીડ જામી હતી. લાખો શ્રધ્ધાળુઓએ આજના પવિત્ર દિવસે દેવી-દેવતાઓના દર્શનાર્થે પડાપડી કરી હતી, જેને લઇ ભકિતનું ઘોડાપૂર ઉમટયું હતું. તો, દેવદિવાળી અને પૂમને લઇ શહેરના શાહીબાગ કેન્ટોનમેન્ટ વિસ્તારમાં આવેલા પ્રાચીન કેમ્પ હનુમાનજી મંદિર, થલતેજના સુપ્રસિધ્ધ શ્રી વૈભવ લક્ષ્મી મંદિર સહિતના મંદિરોમાં છપ્પનભોગનો વિશેષ અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. ભકતોએ અન્નકુટની પ્રસાદી લેવા પડાપડી કરી હતી.



આજે ગુરૂ નાનક જયંતિ હોઇ શહેરના થલતેજ ખાતેના ગુરૂદ્વારા, સરસપુર, મણિનગર, રખિયાલ સહિતના વિસ્તારોમાં આવેલા ગુરૂદ્વારા ખાતે શીખ શ્રધ્ધાળુઓ ખૂબ મોટી સંખ્યામાં ઉમટયા હતા. ગુરૂ નાનક જયંતિ નિમિતે ગુરૂદ્વારાઓમાં ભકતો માટે લંગરનું ખાસ આયોજન કરાયું હતું. આજે દેવદિવાળી, કાર્તિક પૂર્ણિમા, ગુરૂ નાનક જયંતિનો ત્રિવેણી ભકિતનો સમન્વય હોવાથી વહેલી સવારથી જ મંદિરો અને ગુરૂદ્વારાઓમાં ભકતોની ભારે ભીડ જામી હતી. શહેરના કેમ્પ હનુમાનજી મંદિરમાં આજે સવારે દસ વાગ્યે હનુમાનજી દાદાની દેવદિવાળી નિમિતે ખાસ મહાઆરતી કરવામાં આવી હતી ત્યારબાદ દાદાને છપ્પનભોગનો વિશેષ અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. અન્નકુટની આ પ્રસાદી શ્રધ્ધાળુ ભકતોને વિતરણ કરવામાં આવી. સાંજે ૫-૩૦ ફરી આરતી અને ત્યારબાદ રાત્રે આઠથી દસ દરમ્યાન વિશેષ સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જ પ્રકારે શહેરના થલતેજ વિસ્તારમાં શ્રી પંચદેવ ધાર્મિક ટ્રસ્ટ

## રામમંદિર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિશાળ જગ્યામાં રામમંદિરનુ નિર્માણ થાય તેમજ આ જગ્યા શ્રધ્ધા ભકિતની સાથે બહારથી આવતા મુલાકાતીઓ માટે પણ એક જોવાલાયક સ્થળ બની રહે તે મુજબની સરયુ નદીના કિનારાની પેટર્નને ધ્યાને મંદિર તેમજ આનુસંગિક વ્યવસ્થાઓ ઉભી કરવા માટે મંદિરનો પ્લાન તૈયાર કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગરના આંગણે નિર્માણ થનાર આ રામમંદિર મુલાકાતીઓ માટે આસ્થાની સાથે એક જોવાલાયક નજરાણુ પણ બની રહે તે માટે મંદિર સંકુલમાં અન્ય આકર્ષણો પણ ઉભા કરાશે. શહેરમાં રામમંદિરના નિર્માણ માટે હજુ જગ્યા આખરી થઇ નથી. આગામી દિવસોમાં સ્થળ પસંદગી પણ થઇ જશે.

## સ્થાયી સમિતિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજની આ બેઠકમાં ૧૨ જેટલા વિવિધ મુદ્દાઓ દર્શાવવામાં આવ્યા છે. જેમાં સેક્ટરોને ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવા તેમજ અગાઉ મુલ્તવી રખાયેલ બે દરખાસ્તો પર પણ ચર્ચા કરી આખરી નિર્ણય લેવામાં આવનાર છે.

મનપાની આરોગ્ય શાખામાં પણ કેટલીક ભરતી અંગેની દરખાસ્ત પર પણ આ બેઠકમાં ચર્ચા થનાર હોવાનું જાણવા મળેલ છે. જો કે શહેરમાં વકરેલા વાહકજન્ય રોગચાળાને લઈ પણ આ બેઠકમાં ચર્ચાઓ થવાના સંકેતો મળી રહ્યા છે.

## ઉભર્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેવવામાં આવ્યુ છે. નાણાંકીય વર્ષના પ્રથમ પાંચ માસમાં જ આવી સ્થિતિ કેમ ચલાવી લેવાય.

આ નાણાંકીય વર્ષના પાંચના માસના ગાળામાં મંજૂર કરાયેલ રકમ સામે ૭૫ ટકાથી ૧૦૦ ટકા સુધીનો ખર્ચ કર્યા પછી પણ કામો અધુરા જણાયા છે તેવા કામોની સંખ્યા ૨૮૩ ની છે. હદ તો સરકારને ત્યાં જણાઈ કે મંજૂર કરાયેલ રકમ સામે ૧૦૦ ટકાથી પણ વધુ રકમના ખર્ચ પછી ૧૬ કામો અધુરા રહ્યા છે આ તો કેવા પ્રકારનો વહીવટ ચાલે છે તેને લઈ સરકારમાં હજુ પણ આશ્ચર્ય જોવા મળી રહ્યુ છે.

સરકારે એ પણ નોંધ્યુ છે કે જિલ્લામાં કુદરતી સંશોધન વ્યવસ્થાપન પાછળ કુલ ૧૩૭.૪૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે જે કુલ ખર્ચના ૫૫.૪૧ ટકા ખર્ચ કરવામાં આવેલ છે. જે ઓછામાં ઓછો ૬૫ ટકા ખર્ચ કરવાની સૂચના કરતાં પણ ઓછો ખર્ચ કર્યો છે.

રાજ્ય સરકારે આ બાબતને ગંભીરતાથી લીધી છે તેમણે તંત્રની ઉદાસીનતા સામે પણ ચિંતા ઉપજાવે તેવી આંગળી ચીંધતા જિલ્લાતંત્ર ચોંકી ઉઠ્યુ છે.

સ્વચ્છતા મિશનમાં પણ જિલ્લો રાજ્યમાં છેલ્લા ક્રમે છે ત્યારે આવુ ઉદાસીન વલણ છોડી તંત્રને બધુ પ્રજા ભિમુખ બનાવવાની ટકોર પણ ગ્રામ વિકાસ મંત્રાલય દ્વારા કરાઈ છે.

## ચિંતા વધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગ્રહ કર્યો છે અને કેટલાક કિસ્સાઓમાં તપાસ કરી અને કઈ ત્રુટીઓ જણાઈ હતી તેની પણ ચર્ચા કરવામાં આવે તેમ સૂચવ્યુ છે.

આ માટે મોનીટરીંગ ટીમ બનાવવા કોન્યુનીટી અને ફેસીલીટી લેવલ પણ ચકાસવા માટેની સૂચના આપી છે. બાળ મૃત્યુદરમાં જે કારણો જણાઈ રહ્યા છે તેમાં પ્રિમેચ્યોર પ્રસુતિ, જન્મ સમયે ઓછુ વજન, કારણો પણ દેખાયા છે. આ ઉપરાંત એન.આર.સી.માંથી ડીસ્ચાર્જ લે તે સ્થિતિ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવા અને બાલસખા યોજનાના અસરકારક અમલીકરણ પર ખાસ ભાર મુકવામાં આવે તે જોવા પણ કહેવામાં આવ્યુ છે.

## રાષ્ટ્રપતિ શાસન

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોને પણ ચુકવવી પડશે. કારણ કે, ચૂંટણી ખર્ચનો બોજ વધશે. ભારતીય જનતા પાર્ટીના લોકોએ આક્ષેપ કરતા કહ્યું છે કે, શિવસેનાએ મતદારો દ્વારા આપવામાં આવેલા જનાદેશનો ભંગ કર્યો છે. રાજભવન દ્વારા ગૃહમંત્રાલયને રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરીને મહારાષ્ટ્રમાં બંધારણ મુજબ રચના મુશ્કેલ હોવાની વાત કરી હતી. સૌથી મોટા પક્ષ તરીકે સરકાર બનાવવાનો ભાજપે ઈન્કાર કર્યા બાદ શિવસેનાએ સરકારના પ્રયાસ કર્યા હતા પરંતુ રાજ્યપાલે શિવસેનાને સરકારની રચના કરવા માટે માત્ર એક દિવસનો સમય આપ્યો હતો. રવિવારથી લઈને સોમવાર સુધી શિવસેનાના સરકાર ન બનાવવાના સંકેત બાદ સોમવારે સાંજે રાજ્યપાલે ત્રીજી સૌથી મોટી પાર્ટી એનસીપીને તક આપી હતી. એનસીપીને મળેલો સમય પણ પૂર્ણ થઈ ચુક્યો છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસમાં શીરમોર

## છેલ્લા એક વર્ષમાં ત્રીસ લાખથી વધુ પ્રવાસીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી : તાજમહેલ કરતાં પણ વધુ આવક

ગાંધીનગર, તા. ૧૧ કેવડીયા સ્થિત 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની નામના દેશ-વિદેશમાં ફેલાઈ રહી છે. સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાનુ લોકાર્પણ થયુ તે પછી માત્ર એક જ વર્ષમાં ત્રીસ લાખ જેટલા મુલાકાતીઓએ આ સ્થળની મુલાકાત લીધી હતી. દરરોજ સરેરાશ દસ હજાર જેટલા પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ રહ્યાં છે.

હમણાં જ વિશ્વ પ્રસિદ્ધ ટાઈમ મેંગેઝીને સ્ટેચ્યુ ઓફ યુનિટીની નોંધ લીધી. વિશ્વના ૧૦૦ સૌથી વધુ જાણીતા પ્રવાસન સ્થળોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે. અગાઉ માત્ર એશિયાઈ સિંહો માટે જાણીતા ગુજરાતની ઓળખ હવે સ્ટેચ્યુ ઓફ યુનિટીના કારણે વ્યાપક બની છે. દિવાળીની રજાઓમાં તો અહીં પ્રવાસીઓનુ ઘોડાપૂર ઉમટ્યુ. સરદાર સરોવર નર્મદા નિગમ અને પ્રવાસન વિભાગના સહિયારા પ્રયાસોના પરિણામે સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસના વિસ્તારોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. સાઉથ આફ્રિકાની તર્જ પર એનિમલ સફારીનુ વિશાળ વિસ્તારમાં નિર્માણ કરવામાં આવ્યુ છે. અહીં જિરાફ જેવા અનેક વિદેશી પ્રાણીઓ ટૂંક સમયમાં જોવા મળશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી અને આસપાસના સ્થળોની લોકપ્રિયતા સતત વધી રહી છે તેનુ એક પ્રમાણ એ પણ છે કે ગયા વર્ષે દિવાળીની રજાઓમાં સરેરાશ પ્રતિદિન ૧૪,૯૧૮ પ્રવાસીઓની સામે ચાલુ સાલે દિવાળીની રજાઓમાં સરેરાશ પ્રતિદિન ૨૨,૪૩૪ પ્રવાસીઓ નોંધાયા છે. અત્યાર સુધીમાં કુલ આવક વધીને ૮૦.૬૫ કરોડ પહોંચી છે. તાજેતરમાં કેવડીયા ખાતે રીવર રાફટીંગ અને સાયકલીંગ જેવી પ્રવૃત્તિઓ વિકસાવવામાં આવી છે. જેનો હજારો યુવા પ્રવાસીઓ



ઉત્સાહભેર લાભ લઈ રહ્યા છે. નાઈટ ટ્રેકીંગ, કલાઈમ્બીગ વોલ, રેપલીંગ વોલ, ચીલ્ડ્રન પાર્ક, કેકટસ ગાર્ડન, બટર ફલાય ગાર્ડન અને ઝરવાણી ટુરની લોકપ્રિયતા દિનપ્રતિદિન વધી રહી છે. રાત્રે ઝગમગી ઉઠતાં છોડવાઓ અને પ્રાણીઓથી અદ્ભૂત દેખાતો 'ગ્લો ગાર્ડન' સમગ્ર દેશમાં અજોડ છે. જેને નિહાળવા દરરોજ ૪ થી ૫ હજાર પ્રવાસીઓ ઉમટી પડે છે. હજુ તો આ સ્થળનો વિકાસ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં વધુને વધુ આકર્ષણો તેમાં ઉમેરાશે.


સર્વેને નૂતન વર્ષાભિનંદન
પોગલુ ગ્રામ પંચાયત
સરપંચશ્રી :- પટેલ રમીલાબેન શામળભાઈ
ઉ.સરપંચશ્રી :- મકવાણા ભરતસિંહ ભીખુસિંહ
તલાટી કમમંત્રી:- પ્રજાપતિ નયનાબેન ડી.
તલાટી કમમંત્રી:- રાવલ પારૂલબેન મણીલાલ
સભ્યશ્રી :-
મકવાણા સવિતાબેન રાજેન્દ્રસિંહ, મકવાણા બાબુભાઈ રેવાભાઈ
પટેલ ડિમ્પલબેન આષિશકુમાર, મકવાણા જિગ્નેશકુમાર રમેશભાઈ
નાયી માલતીબેન રમેશભાઈ, વણકર આરતીબેન શાંન્તુભાઈ
તથા ગ્રામજનો

સર્વેને નૂતન વર્ષાભિનંદન
ગલેસરા ગ્રામ પંચાયત
સરપંચશ્રી :- ઠાકોર લક્ષ્મીબેન બબાજી
ડે.સરપંચશ્રી :- હંસાબેન કનુસિંહ મકવાણા
તલાટી.કમ મંત્રીશ્રી :- ભરતભાઈ કે. પટેલ
તથા
કારોબારી સભ્યશ્રીઓ તથા ગ્રામજનો
મુ.ગલેસરા, તા.પ્રાંતિજ

નૂતન વર્ષાભિનંદન
શ્રી સુવિધા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત
લાઈફ કેર મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ
૧-૨, બ્રહ્માકુમારી સોસાયટી, એસ્સાર પેટ્રોલ પંપની સામે, એપ્રોચ રોડ, પ્રાંતિજ, જિ.સા.કાં.
આધુનિક ઉપકરણોથી સજ્જ સંપૂર્ણ સુવિધા યુકત હોસ્પિટલ
સ્ત્રી રોગ, બાળકોના રોગો તથા હૃદય રોગના નિષ્ણાંત
સમીરભાઈ શર્મા
મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી સુવિધા ફાઉન્ડેશન
ડા.જીનેશભાઈ રાઠોડ (એમ.ડી.ગાયનેક) ટ્રસ્ટીશ્રી, શ્રી સુવિધા ફાઉન્ડેશન
ડા.ઈમ્તીયાઝભાઈ મેમણ (એમ.ડી.પ્રીડીયાટ્રીક)
મંથન બારૈયા યંગ જાયન્ટ્સ પ્રેસીડેન્ટ ટ્રસ્ટી, શ્રી સુવિધા ફાઉન્ડેશન
ડા.રાજેશભાઈ પંચાલ (એમ.ડી.પ્રીડીયાટ્રીક) ટ્રસ્ટી, શ્રી સુવિધા ફાઉન્ડેશન
તાત્કાલીક સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ(૨૪x૭) હોસ્પિટલ

નૂતન વર્ષાભિનંદન...

જયદિપ ન્યૂઝ પેપર એજન્સી
મો. ૯૬૩૮૧૮૮૭૯૬, ૯૬૨૪૩૦૨૫૪૬, ૭૮૭૭૮૫૨૦૦૫
Email : dashrathvanzara776@gmail.com
દશરથ વી. વણઝારા
પ્રતિનિધિ - ગાંધીનગર સમાચાર
કુમારશાળા સામે, મુ. તલોદ
પ્રેસનોટ તથા જાહેર ખબર માટે મળો.
દશરથ વી. વણઝારા

જયદીપ વણઝારા

C. L. Purohit (M) 099798 50410
M.I. Alloys Pvt. Ltd.
Plot No. 157/2, Laiki-2, Talod ROad, Ujediya, Ta. Talod, Dist. Sabarkantha-383215
Reg. Off : 408, 4th Floor, Galaxy Business Park, on 200 Feet Ring Road, Odhav, Ahmedabad-382415
Ph. 079-65440410, 65235210
Email : mialloys@gmail.com, Omkar011@gmail.com

ધી તલોદ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તલોદ
ચેરમેનશ્રી............ પટેલ બાબુભાઈ ગોપાળભાઈ
વા. ચેરમેનશ્રી ........ ઝાલા ખોડસિંહ કાંનસિંહ
સેક્રેટરીશ્રી ............ લક્ષ્મણસિંહ ડી. મકવાણા
તથા વ્યવસ્થાપક કમીટી સભ્યશ્રીઓ તથા કર્મચારીગણ તથા સભાસદ ભાઈઓ તથા બહેનો. નવા વર્ષના નૂતન વર્ષના હાર્દિક અભિનંદન.

નૂતન વર્ષાભિનંદન સહ
તાલુકા પંચાયત તલોદ
સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી
નૂતન વર્ષની શુભ કામના

સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
SABAR DAIRY
સાબરડેરી, સબ પોષ્ટ : બોરીયો, હિંમતનગર-૩૮૩૦૦૬
સાબરડેરીના આધુનિક પ્લાન્ટમાં પેક થયેલ પેશ્ચ્યુરાઈઝ્ડ (જંતુ રહિત) દૂધ અને છાશ વાપરવાનો હંમેશા આગ્રહ રાખો
● સાબરડેરીના મુખ્ય ઉત્પાદનો ●
● અમૂલ દૂધ - અમૂલ ગોલ્ડ ( ૬ ટકા ફેટ), અમૂલ સક્તિ (૪.૫ ટકા ફેટ), અમૂલ તાઝા (૩ ટકા ફેટ)
● અમૂલ છાશ - ગુણકારી તત્વોથી ભરપૂર
● અમૂલ ટેટ્રા પેક (તાઝા અને ગોલ્ડ)-યુ.એચ.ટી.મિલ્ક ફ્રીઝમાં રાખ્યા સિવાય પણ ઉપયોગમાં લઈ શકાય
Amul The Taste of India
● અમૂલ ઘી ● અમૂલ બટર ● અમૂલ પનીર ● અમૂલ કુલ ● અમૂલ છાશ ● અમૂલ મસ્તી દહીં ● અમૂલ શ્રીખંડ ● અવસર માવો ● અમૂલ સ્કીમ મિલ્ક પાવડર ● અમૂલ સ્પ્રે (ઈન્ફન્ટ મીલ્ક) ● અમૂલ હોલ મિલ્ક પાવડર ● અમૂલ્યા પાવડર (ટી વ્હા)
૦૨૭૭૨-૨૨૬૦૫૯ (ડાયરેક્ટ) lacalmktg.sabardairy.com
:: વેચાણ વ્યવસ્થા ::
ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ., અમુલ ડેરી રોડ, આણંદ - ૩૮૮૦૦૧
ડૉ. બાબુભાઈ એમ. પટેલ મેનેજીંગ ડીરેક્ટર | શ્રી જયંતિભાઈ બી. પટેલ વાઈસ ચેરમેન | શ્રી શામળભાઈ બી. પટેલ ચેરમેન
સાબરડેરી ફોન : ૦૨૭૭૨-૨૨૬૦૫૧ થી ૬૦ સાબરદાણ : ૨૨૬૦૬૧
e-mail : amul@sabardairy.coop

સૌને નૂતન વર્ષાભિનંદન...

સંસદસભ્ય
દિપસિંહજી એસ. રાઠોડ
સાબરકાંઠા જિલ્લા
આપના તરફથી મળેલા લાગણીસભર સહકાર અવિસ્મરણીય હોય છે. સમગ્ર જિલ્લાના મારા શુભેચ્છકો, વાહલા મતદાર ભાઈ-બહેનો, કાર્યકરો, સ્નેહીજનો તથા મિત્રોને અંતરથી નવા વર્ષની શુભેચ્છા પાઠવું છું. ભારત દેશ નવી ક્ષિતિજો સર કરી રહ્યો છે, જેમાં સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત ઉપર ભાર મુકાયો છે, જેને આપ સૌ તરફથી અખૂટ સહકાર મળ્યો છે. જે બદલ આપ સૌનો આભારી છું. આપ સૌ નવા વર્ષમાં આપના વ્યવસાય, ધંધા, રોજગારમાં જવલંત સફળતા પ્રાપ્ત કરો તેવી નવા વર્ષના પ્રભાતે શુભેચ્છા પાઠવું છું. જિલ્લાની સોંપાયેલી જવાબદારી પૂર્ણ કરવા કટિબદ્ધ છું છતાંય ક્યાંય ચૂક રહી હોય તો પોતાનો ગણી મારૂ ધ્યાન દોરવા આગ્રહ કરૂ છું. આપણે સૌ સાથે મળી દેશ અને આપણા જિલ્લાને વિકાસની અવિરત ગતિમાં સફળતા અપાવીએ તેવી પ્રાર્થના સાથે સૌને નવા વર્ષના હાર્દિક અભિનંદન.

નૂતન વર્ષાભિનંદન
ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પસ, તલોદ
પરિવાર તરફથી આપ સૌને નૂતનવર્ષના અભિનંદન અને શુભેચ્છાઓ...
(K-12 Sci., Eng & Guj. Medium)
Mobile App trinitytalod • Facebook trinitytalod
Whatsapp Mo. 6354878913 • Web : www.trinitytalod.com
Contact No. 6354878913, 6354841752
ટ્રિનિટી એજ્યેકેશનલ કેમ્પસ, મોડાસા રોડ
તલોદ ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પ, મોડાસા રોડ, તલોદ

નૂતન વર્ષાભિનંદન સહ...
જીતુભાઈ પી. જોષી
મુ. મહિયલ, તા. તલોદ, જી. સાબરકાંઠા
મારા હિતેચ્છુઓ, મિત્રો અને તમામ ગ્રામજનોને નવા વર્ષના જય અંબે...

સર્વે ખેડૂતમિત્રો, વેપારીઓને નૂતન વર્ષાભિનંદન
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, તલોદ, જી. સાબરકાંઠા
કમિટિ સભ્યશ્રીઓ

| | | |
|---|---|---|
| શ્રી પટેલ કલ્પેશકુમાર ડાહ્યાભાઈ | ચેરમેન | મુ. બદામકંપા, પો.હરસોલ |
| શ્રી શાહ અભયકુમાર આસનદાસ | વા. ચેરમેન | મુ.પો. તલોદ |
| શ્રી મહેતા બંસીધર ભુલેશ્વર | ક. સભ્ય | મુ. મહીયલ, પો.તા. તલોદ |
| શ્રી પટેલ ભરતકુમાર મણીલાલ | ક. સભ્ય | મુ.પો.વલીયમપુરા, તા. તલોદ |
| શ્રી પટેલ બાબુભાઈ ગોપાળભાઈ | ક. સભ્ય | મુ. તલોદ ગામ, પો.તા.તલોદ |
| શ્રી પટેલ સંજયકુમાર રણછોડભાઈ | ક. સભ્ય | મુ. ગંભીરપુરા, પો. મોતેસરી |
| શ્રી પટેલ ભાઈલાલ ભોગીલાલ | ક. સભ્ય | મુ.પો. સલાટપુર, તા. તલોદ |
| શ્રી પટેલ શાન્તુભાઈ મગનભાઈ | ક. સભ્ય | મુ.પો. ભીમપુરા, તા. તલોદ |
| શ્રી ઝાલા રંગુસિંહ દલપતસિંહ | ક. સભ્ય | મુ.જસાજીની મુવાડી, પો. બારીયાતા, તલોદ |
| શ્રી શાહ કિરીટકુમાર ડાહ્યાલાલ | ક. સભ્ય | મુ.નાનાચેખલા, હાલ તલોદ |
| શ્રી પટેલ મુકેશકુમાર બાબુલાલ | ક. સભ્ય | મુ.તલોદ ગામ, પો.તા. તલોદ |
| શ્રી શાહ સુરેશકુમાર ચત્રભુજ | ક. સભ્ય | મુ.પો.તા. તલોદ |
| શ્રી પટેલ કલ્પેશકુમાર ડાહ્યાભાઈ | ક. સભ્ય | મુ.બદામકંપા, પો.હરસોલ |
| શ્રી પટેલ અરવિંદભાઈ મગનભાઈ | ક. સભ્ય | મુ. તલોદગામ, તા. તલોદ |
| શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સ.મં. | ક. સભ્ય | હિંમતનગર |
| શ્રી જીલ્લા ખેતીવાડી અધિકારી | ક. સભ્ય | હિંમતનગર (જી.પં.) |

સેક્રેટરીશ્રી - વિમલ વાસુદેવ ભટ્ટ
તથા સ્ટાફ મિત્રો

નૂતન વર્ષાભિનંદન....
સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ
અંબાલાલ ઉપાધ્યાય સહકાર ભવન, આંબાવાડી, હિંમતનગર - ૩૮૩૦૦૧, ફોન નં. ૦૨૭૭૨-૨૪૬૫૪૧
સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ જિલ્લાની તમામ સહકારી મંડળીઓને આગ્રહપૂર્વક શુભ સંકલ્પ કરવા જણાવે છે કે...
● જિલ્લા સહકારી સંઘ તરફથી યોજાતા વર્ગોમાં સભ્યો, કર્મચારીઓ તથા હોદ્દેદારો તાલીમ મેળવી લે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
● આપની સંસ્થાના હિસાબો વાર્ષિક સાધારણ સભામાં મંજુર થયે શિક્ષણ ફંડની રકમ તુરત જ જિલ્લા સહકારી સંઘને મોકલી આપવી.
● ધર્માદા ફંડની રકમ સંઘની પૂર્વ મંજુરી લઈને જ વાપરવી.
● મંડળીની વહીવટી મુશ્કેલીઓના માર્ગદર્શન માટે સંઘનો સંપર્ક કરવો.
● હિસાબીનુ વર્ષ પુરૂ થયેથી વાર્ષિક અહેવાલની નકલ સંઘને અચૂક મોકલી આપવી.
● સંઘ તરફથી યોજવામાં આવતા શિબિર-સંમેલન-સેમિનાર-નિબંધ-હરિફાઈ-વક્તૃત્વ સ્પર્ધા, સહકારી સપ્તાહની ઉજવણી વગેરેના ઉત્સાહપૂર્વક ભાગ લઈ સહકાર આપવો.
અંબાલાલ ઉપાધ્યાય અધ્યક્ષ
ધુળાભાઈ ટી. પટેલ માનદમંત્રી
નવલસિંહ બિહોલા ઉપાધ્યક્ષ
યશવંતકુમાર કે. જોષી એક્ઝીક્યુટીવ ઓફિસર

નૂતન વર્ષાભિનંદન....
''સ્વચ્છ તલોદ...સ્વસ્થ તલોદ''
તલોદ નગરપાલિકા
તલોદ નગરપાલિકાનો મે. કેન્દ્ર સરકાર દ્વારા આયોજીત સ્વચ્છતા સર્વેક્ષણ - ૨૦૧૯ની હરિફાઈમાં સાબરકાંઠા જિલ્લામાં સ્વચ્છતામાં પ્રથમ નંબર અને ગાંધીનગર ઝોનમાં ત્રીજો નંબર આવેલ છે. નગરપાલિકાએ સ્વચ્છતા સર્વેક્ષણ - ૨૦૨૦માં ભાગ લીધેલ છે. જેથી શહેરને સ્વચ્છ રાખવા તેમજ નગરને પ્લાસ્ટીક મુક્ત કરવામાં પણ સઘન ઝુંબેશ હાથ ધરેલ છે. જેથી પ્લાસ્ટીક થેલીનો ઉપયોગ ન થાય તે માટે સાથ સહકાર આપવા નગરજનોને નમ્ર અપીલ સાથે દરેક નગરજનોને નવા વર્ષની શુભેચ્છાઓ...
● પ્રમુખશ્રી ● ઉપપ્રમુખશ્રી ● કારોબારી અધ્યક્ષશ્રી ● તમામ સમિતિઓના ચેરમેનશ્રીઓ ● ચીફ ઓફીસરશ્રી અને નગરપાલિકાના તમામ સદસ્યશ્રીઓ